# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-03-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.**

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - સરકારે રોકાણમાં નાગરીકો, અર્થતંત્ર, ઉદ્યોગ, નવીનતા તેમજ માળખાગત સુવિધાઓને પ્રાથમિકતા આપી.

2) કેન્દ્ર સરકારે સોનપ્રયાગથી કેદારનાથ રોપવેના વિકાસને મંજૂરી આપી-- મુસાફરીનો સમય ૯ કલાકથી ઘટીને 36 મિનિટ થશે.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવ 'વિવિધતાના અમૃત મહોત્સવ'નું ઉદ્ઘાટન કર્યું

4) કેન્દ્રીય રાજ્યમંત્રી પ્રો. એસ.પી. સિંહ બઘેલે કહ્યું - સરકારી યોજનાઓને જમીની સ્તરે લાગુ કરવામાં ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

5) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું - કાબુલ વિમાનીમથક પર બોમ્બ વિસ્ફોટ કરનાર આતંકવાદીને પકડી લેવામાં આવ્યો

6) આઈસીસી ચેમ્પિયન ટ્રોફીની બીજી સેમી ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને જીતવા 363 રનનો લક્ષ્યાંક આપ્યો.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM-WEBINAR-EMPLOYMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકારે રોકાણમાં લોકો, અર્થતંત્ર અને નવીનતા તેમજ માળખાગત સુવિધાઓ અને ઉદ્યોગને પ્રાથમિકતા આપી છે.

રોજગાર અંગેનાં બજેટ પછીના વેબિનારને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે લોકોમાં રોકાણ કરવાનો ધ્યેય ત્રણ સ્તંભો શિક્ષણ, કૌશલ્ય અને આરોગ્ય સંભાળ પર આધારિત છે

***(બાઈટ – PM મોદી, રોકાણ)***

તેમણે કહ્યું કે ઘણા દાયકાઓ પછી, ભારતની શિક્ષણ પ્રણાલીમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ટેલિમેડિસિન સુવિધાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. બજેટમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે સરકારે બજેટમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે અનેક પગલાં લીધાં છે. સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે 1 લાખ કરોડ રૂપિયાનું વ્યાપક ભંડોળ ઉભુ કરવામાં આવ્યું છે.

ભારતના સમૃદ્ધ હસ્તપ્રત વારસાને જાળવવામાં જ્ઞાન ભારતમ મિશનના મહત્વ પર ભાર મૂકતા, શ્રી મોદીએ જાહેરાત કરી કે આ મિશન હેઠળ એક કરોડ હસ્તપ્રતોનું ડિજિટાઇઝેશન કરવામાં આવશે. આનાથી એક રાષ્ટ્રીય ડિજિટલ ભંડાર બનશે. તેમણે કહ્યું કે આ ભંડાર વિશ્વભરના વિદ્વાનો અને સંશોધકોને ભારતના ઐતિહાસિક અને પરંપરાગત જ્ઞાન અને શાણપણ સુધી પહોંચવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . . . .

# Cabinet Brifing

સરકારે ૧૨.૯ કિલોમીટર લાંબા સોનપ્રયાગથી કેદારનાથ રોપવેના વિકાસને મંજૂરી આપી છે,

આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ચાર હજાર કરોડ રૂપિયાથી વધુ થશે. તેમણે કહ્યું કે આ રોપવેથી યાત્રાળુઓનો મુસાફરીનો સમય 8 થી 9 કલાકથી ઘટીને 36 મિનિટ થઈ જશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટથી દિવ્યાંગો અને વૃદ્ધોને ઘણી મદદ મળશે.

(બાઈટ – અશ્વિની વૈષ્ણવ,-- 1 )

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હેમકુંડ સાહિબ રોપ-વેને પણ વિકસાવવામાં આવશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 2 હજાર 730 કરોડ રૂપિયા થશે. રોપ-વેની લંબાઈ ૧૨.૪ કિલોમીટર હશે.

શ્રી વૈષ્ણવે ઉમેર્યું હતું કે સરકારે પશુધનના સ્વાસ્થ્ય અને રોગ નિવારણ માટે 3 હજાર 880 કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો નિર્ણયો લીધા છે. તેમણે કહ્યું કે પશુ ઔષધિ દ્વારા સારી ગુણવત્તાવાળી અને સસ્તી જેનરિક પશુચિકિત્સા દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(બાઈટ – અશ્વિની વૈષ્ણવ,-- 2 )

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PREZ-VIVIDHTA-KA-AMRIT-MAHOTSAV

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવ 'વિવિધતાના અમૃત મહોત્સવ'નું ઉદ્ઘાટન કર્યું. આ મહોત્સવનો ઉદ્દેશ રાષ્ટ્રપતિ ભવનને સાંસ્કૃતિક આદાન-પ્રદાનનું કેન્દ્ર બનાવવાનો છે.

સંસ્કૃતિ મંત્રાલયે કહ્યું છે કે આ આવૃત્તિમાં, પાંચસોથી વધુ કારીગરો અને વણકરો પરંપરાગત હસ્તકલા અને હાથવણાટનું પ્રદર્શન કરશે. આ મહોત્સવ દક્ષિણ ભારત પર કેન્દ્રિત છે, જેમાં લક્ષદ્વીપ અને પુડુચેરી તેમજ પાંચ રાજ્યો - કર્ણાટક, કેરળ, તમિલનાડુ, તેલંગાણા અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. ચારસોથી વધુ કલાકારો દક્ષિણ ભારતના લોક અને શાસ્ત્રીય નૃત્ય અને સંગીત રજૂ કરશે.આ મહોત્સવ ૯ માર્ચ સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

. . . . . . . . . . . . . . . .

# GRAM-PANCHAYAT-WOMEN

પંચાયતી રાજ રાજ્યમંત્રી પ્રો. એસ.પી. સિંહ બઘેલે કહ્યું છે કે સરકારી યોજનાઓને જમીની સ્તરે લાગુ કરવામાં ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે.

નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પરિષદમાં પંચાયતી રાજ મંત્રાલયની મોડેલ મહિલા-મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયત પહેલનો પ્રારંભ કરાવતાં તેમણે પંચાયતોની કાર્યશૈલી પર પ્રકાશ પાડ્યો અને તમામ પંચાયત પ્રતિનિધિઓને તેમના કાર્યમાં ધોરણોનું પાલન કરવા વિનંતી કરી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે મહિલાઓના નેતૃત્વ હેઠળનો વિકાસ સરકારનું મુખ્ય ધ્યેય છે, જે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં યોગદાન આપશે.

આ કાર્યક્રમમાં વિવિધ મંત્રાલયો, વિભાગો અને સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . .

# TRUMP--TERRORIST

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઓગસ્ટ 2021માં કાબુલ વિમાનીમથક પર બોમ્બ વિસ્ફોટ કરનાર આરોપી આતંકવાદીને પકડી લેવામાં આવ્યો છે. તેને અમેરિકા લાવવામાં આવી રહ્યો છે.

તેમણે કહ્યું કે એબી ગેટ પરના હુમલા માટે ઇસ્લામિક આતંકવાદીઓ જવાબદાર હતા. અફઘાનિસ્તાનમાંથી સૈન્ય પરત ફરી રહ્યું હતું ત્યારે થયેલા હુમલામાં 13 અમેરીકન સેનાનાં જવાનો અને અન્ય ઘણા લોકો માર્યા ગયા હતા. પોતાના બીજા કાર્યકાળમાં કોંગ્રેસને કરેલાં પ્રથમ સંબોધનમાં, ટ્રમ્પે આ પગલાને કટ્ટરપંથી ઇસ્લામિક આતંકવાદ સામે અમેરિકાની નવી તાકાતના સંકેત તરીકે વર્ણવ્યું.

. . . . . . . . . . . . . . .

# DELHI - CM

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે રાજધાનીના આગામી બજેટ અંગે લોકોની અપેક્ષાઓ અને સૂચનો જાણવા માટે વિવિધ મહિલા સંગઠનો સાથે વિગતવાર વાતચીત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, મુખ્યમંત્રીએ કહ્યું કે સંવાદ દરમિયાન મહિલા સશક્તિકરણ અને કલ્યાણ સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. શ્રીમતી ગુપ્તાએ જણાવ્યું હતું કે આ અર્થપૂર્ણ ચર્ચામાં મળેલા સૂચનોને આગામી બજેટના ડ્રાફ્ટમાં સમાવવા માટે કાર્ય કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# DELHI-YAMUNA

દિલ્હીના સિંચાઈ અને પૂર નિયંત્રણ મંત્રી પરવેશ સાહિબ સિંહે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં યમુના નદીનું નિરીક્ષણ કર્યું. નદીનું નિરીક્ષણ કર્યા પછી, તેમણે કહ્યું કે છેલ્લા 10 દિવસમાં નદીમાંથી તેરસો ટન કચરો દૂર કરવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે સરકાર યુમના નદીમાં ફેરી સેવાઓ શરૂ કરશે. જેના માટે સરકાર એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરશે. તેમણે કહ્યું કે દિલ્હી સરકારનો ઉદ્દેશ્ય પ્રવાસીઓને યમુના નદી તરફ આકર્ષિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . .

# NITI-AAYOG-PAPER-RELEASE

નીતિ આયોગે આજે નવી દિલ્હીમાં ક્વોન્ટમ કમ્પ્યુટિંગના ઝડપી વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા પર તેની અસરો અંગે વ્યૂહાત્મક પેપર બહાર પાડ્યું. પત્ર બહાર પાડતા, નીતિ આયોગના સીઈઓ બીવીઆર સુબ્રમણ્યમે દેશની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે ઉભરતી ટેકનોલોજીઓને સક્રિયપણે અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

તેમણે કહ્યું કે સંશોધન, નવીનતા અને વૈશ્વિક ભાગીદારીમાં વ્યૂહાત્મક રોકાણો ભારતને ટેકનોલોજીકલ પ્રગતિમાં મોખરે રાખવા માટે ચાવીરૂપ બનશે.

. . . . . . . . . . . . . . . .

# SCINDIA---MOBILE-INDIA-CONGRESS

સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું છે કે નવીનતા, સમાવેશકતા, ટકાઉ વિકાસ એ ભારતનો મુખ્ય મંત્ર છે. સ્પેનના બાર્સેલોનામાં મોબાઇલ વર્લ્ડ કોંગ્રેસને સંબોધતા, શ્રી સિંધિયાએ દેશના દરેક નાગરિકની સેવા કરવામાં આધાર અને ભારતનેટની સફળતાનો ઉલ્લેખ કર્યો.

મોબાઇલ વર્લ્ડ કોંગ્રેસ 2025 દરમિયાન, શ્રી સિંધિયાએ ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસનું અનાવરણ કર્યું અને ઇન્ડિયા પેવેલિયનનું ઉદ્ઘાટન કર્યું.

. . . . . . . . . . . . . . . .

# CRICKET

ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે લાહોરમાં રમાઈ રહેલી આઈસીસી ચેમ્પિયન ટ્રોફીની બીજી સેમી ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને જીતવા 363 રનનો લક્ષ્યાંકનો પીછો કરતાં દક્ષિણ આફ્રિકાએ છેલ્લા મળેલા અહેવાલ મુજબ 16 ઓવરમાં 1 વિકેટ 90 રન કર્યા છે.

ન્યુઝીલેન્ડે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ન્યુઝીલેન્ડે નિર્ધારિત 50 ઓવરમાં છ વિકેટે 362 રન બનાવ્યા હતા. રચિન રવિન્દ્ર અને કેન વિલિયમસને સદી ફટકારી. રવિન્દ્રએ ૧૦૧ બોલમાં ૧૦૮ રન બનાવ્યા, જ્યારે વિલિયમસને ૯૪ બોલમાં ૧૦૨ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકા તરફથી લુંગી ન્ગીડીએ ત્રણ વિકેટ લીધી, જ્યારે કાગીસો રબાડાએ બે અને વિઆન મુલ્ડરે એક વિકેટ લીધી.

આ મેચમાં જેનો વિજય થશે તે ટીમ રવિવારે દુબઈમાં રમાનારી ફાઇનલમાં ભારત સામે રમશે.

. . . . . . . . . . . . . . . .

# STEVE-SMITH-RETIREMENT

ઓસ્ટ્રેલિયાનાં દિગ્ગજ ક્રિકેટર સ્ટીવ સ્મિથે એકદિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેઓ ટેસ્ટ અને ટી20 ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે.

સ્ટીવ સ્મિથનો આ નિર્ણય ICC ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાની ભારત સામે ચાર વિકેટથી હાર બાદ આવ્યો છે.

સ્મિથે ૧૭૦ એકદિવસીય મેચમાં ૪૩.૨૮ ની સરેરાશ અને ૮૬.૯૬ ના સ્ટ્રાઇક રેટથી ૫ હજાર ૮૦૦ રન બનાવ્યા છે જેમાં ૧૨ સદી અને ૩૫ અડધી સદીનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .